પૂર્વછાયો- નક્કી ભક્ત નિમાડના, જેનાં અતિ આકરાં અંગ ।
કરડાં કઠણ વચન, જેને શિશ સાટે સતસંગ ॥૧॥
બીજાં બહુ દુભાખરાં, જેનો એજ બોલવા ઢાળ ।
પછી કરે વારતા, જ્યારે પહેલી આપે ગાળ ॥૨॥
સમજાવ્યા સમજે નહિ, અતિ જડમતિ અડબંગ ।
એવા દેશમાં અવતરી, જેણે કર્યો સાચો સતસંગ ॥૩॥
એવા જન પાવનનાં, કહો કેમ ન લખીએ નામ ।
લખવા લાલચ્ય મુજને, જેને મળ્યા સુંદર શ્યામ ॥૪॥

ચોપાઇ- જન જીવણ ભક્ત વણિક, કણબી ભક્ત ખુશાલ છે એક।
એહાદિ ભક્તિ પ્રભુની કરે, રહી ગામ ચોલીમહેશ્વરે ॥૫॥
ભક્ત કાછિયા દેવજી નામ, નારાયણ મીઠો ગંગારામ ।
બાઇ જીવી માનુ ને જસોદા, ભજે હરિ રહે મન મુદા ॥૬॥
કણબી ફર્શુ ને ખુશાલ ભાઇ, બાઇ ગંગા ને ખુશાલીબાઇ ।
એહાદિ ભક્ત રહે ઝાંખરોડે, ભજે પ્રભુજીને ભાવ રૂડે ॥૭॥
દ્વિજ ભક્ત હરિને કેશવ, ખત્રી ઉધ્ધવ સોમો માધવ ।
હરિજન વિરૂબા જસોદા, વસે વાલીપર મનમુદા ॥૮॥
ક્ષત્રિ ભક્ત ધનોબા અમરી, રહે ગામ કુકશી ભજે હરિ ।
કણબી ગોપાળ ને ભીખોભાઇ, નાગર પાનબાઇ હરબાઇ ॥૯॥
એહ આદિ હરિજન જેહ, વસે ગામ સુંદરેલે તેહ ।
કણબી ભક્ત નારાયણ દયાળ, નાનજી લખમણ ને લાલ ॥૧૦॥

મકુ માધો ભીલો દેવો હિરો, સુરજી ખીમો ભક્ત સુધીરો ।
નારાયણ આદિ બહુ ભાઇ, સુંદર રતન ને ગંગાબાઇ ॥૧૧॥
ક્ષત્રિભક્ત છે માધવ નામ, એહાદિ જન રહે ખલગામ ।
કણબી ભક્ત હિરો ને ઓંકાર, જન રહે ખલમોટી મોઝાર ॥૧૨॥
કણબી ભક્ત રામો હિરા દોય, દેવો ને જન ભિખિબા સોય ।
ક્ષત્રિ ઇંદ્રરાજ ને ભીખાજી, રહે મોરંગડિયે મોહ તજી ॥૧૩॥
કણબી ભક્ત ખીમો ને મોહન, ડુંગર કેશવ ખુશાલ જન ।
ક્ષત્રિ ભક્ત માનસિંઘ નામ, એહાદિ જન વિખુડા ગામ ॥૧૪॥
દ્વિજ ભક્ત ચંદ્રેશ્વર મકુન, બાઇ બાલી મીઠી હરિજન ।
કણબી ભક્ત દેવો ને પુંજન, ધનો પ્રેમો બેચર લાલો જન ॥૧૫॥
ભક્ત રામજી ને ભાગ્યબાઇ, રહે જન એ ધામણામાંઇ ।
કણબી ભક્ત લાલો પર્શુરામ, ભજે હરિ ગુરુ જલે ગામ ॥૧૬॥
કણબી ભક્ત સુંદર ને પુંજન, રહે માતપુરે હરિજન ।
કણબી કાશી વાલજી ગોવિંદા, બાઇ ગંગા વાલુ વળી નંદા ॥૧૭॥
ભક્ત કાછિયા રૂખડુ દલુ, પ્રેમચંદનું ભજન ભલું ।
ભક્ત ગુલાબ વિરજી નામ, એહાદિ જન રેઠણગામ ॥૧૮॥
કણબી ભક્ત નથુ કાલુ દોય, હીરો જાદવ ઓંકાર સોય ।
કુરજી ને જગદીશ નામ, ભાગ્યબાઇ રહે કૌડિયે ગામ ॥૧૯॥
તુલાધાર તનોજી ભગત, રહે બરે ભજે ભગવંત ।
સોની ભક્ત એક પાંડુરંગ, રહે આશેરે ન કરે કુસંગ ॥૨૦॥
કણબી ભક્ત કાલુ લિંબુ નામ, બાઇ રતન રહે ધરગામ ।
દ્વિજ ભક્ત છે લક્ષ્મીરામ, ઓંકાર ને વિષ્ણુરામ નામ ॥૨૧॥
બાઇ ખુશાલ ને ગંગાબાઇ, રહે જન મંડલેશ્વરમાંઇ ।
એહ આદિ છે જન અપાર, કહ્યા નિમાડદેશ મોઝાર ॥૨૨॥
ખરા ભક્ત કહીએ ખાનદેશ, હેતે ભજે હરિને હમેશ ।
તન મન ધન તુચ્છ કરી, રાખ્યા એક અંતરમાં હરિ ॥૨૩॥
એવા ઉત્તમ જન છે જેહ, તેનાં નામ સુણો સહુ તેહ ।

મોટા ભક્ત માલે ગામમાંઈ, જન ભાવસાર નથુભાઈ ॥૨૪॥
ભક્ત લખમણ પર્શુરામ, જન કલ્યાણાદિ માલેગામ ।
કણબી ભક્ત ખુશાલ ને રામ, શિવરામ રહે જાફિગામ ॥૨૫॥
કણબી ભક્ત કહીએ તાપીદાસ, ભક્ત ભીખો જક્તથી ઉદાસ ।
સદાશિવને પ્રભુની પ્યાસ, પર્શુરામાદિ વરખડે વાસ ॥૨૬॥
ભક્ત ભાણજી કણબી કહીએ, જન એ સોનગિરિયે લહીએ ।
શેઠ ભક્ત છે ફકીરચંદ, જલગામમાં ભજે ગોવિંદ ॥૨૭॥
બહુ ભક્ત બુરાનપુરમાં, જેને અતિશે ભાવ ઉરમાં ।
સુંદર વસ્ત્ર કરાવી સોનેરી, જેણે હેતેશું પૂજીયા હરિ ॥૨૮॥
પૂજી હરિ થયા પૂર્ણકામ, કહું તેનાં સાંભળજયો નામ ।
ભક્ત શા ગોવિંદભાઈ નામ, લિંબડા શા ને ત્રંબકરામ ॥૨૯॥
વલભરામ ઉદારામ કહીએ, ગુલાબજી પીતાંબર લહીએ ।
બાઈ લાડકી ગંગા રતન, એહાદિ વણિક હરિજન ॥૩૦॥
દ્વિજ બાપુ ભગવાન નામ, રામકૃષ્ણ ને કેશવરામ ।
ગોપેશ્વર આદિ દ્વિજભાઈ, હરિજન રૂડાં રામબાઈ ॥૩૧॥
ક્ષત્રિભક્ત છે બુલાખીદાસ, મુળચંદ ગણપત પાસ ।
કણબી ભક્ત ઠાકુરદાસ દોય, રામદાસ દોય ભક્ત સોય ॥૩૨॥
હરિભાઈને પુરૂષોત્તમ, ત્રિલોચન નાનો નરોત્તમ ।
લાલદાસ દોય રામચંદ્ર, ભગવાનદાસ ભક્ત સુંદ્ર ॥૩૩॥
વેલીબાઈ આદિ હરિજન, કહ્યાં કણબી કુળે પાવન ।
સોની ઢુંઢુ ને ભક્ત ડુંગર, સુરજી ને નારણ સુંદર ॥૩૪॥
ભક્ત કૃષ્ણાજી આદિ છે ભાઈ, ભજે ભાવે હરિ ઉરમાંઈ ।
રેવા દેવુ જમના ને મોની, એહ આદિ બાઈયો ભક્ત સોની ॥૩૫॥
ગોપીરામ ભક્ત છે સુતાર, ભક્ત ભાઉજી બ્રહ્મક્ષત્તાર ।
ફકીરચંદ અર્જુન કલુ, વૈશ્યજાતિમાં ભક્ત દયાળુ ॥૩૬॥
ચિંતામણ નાગુ ભીખો ભાવી, બાઈ પ્રેમા ને મેના સાળવી ।
તેલી ભક્ત શિવો જન સોય, દુર્લભ ને લાલદાસ સોય ॥૩૭॥

જાનજી નથુ ઉત્તમ જાણો, છબિલદાસ વલ્લભ વખાણો ।
બાઈ નંદા બે બાઈ રતન, એહ આદિ તેલી હરિજન ॥૩૮॥
સઈ નિહાલચંદ છે જન, મોતી નાનો ને બાઈ રતન ।
ખત્રીભક્ત નથુભાઈ કેયે, કોળી ભક્ત વલભદાસ લૈયે ॥૩૯॥
એહ આદિ બાઈ ભાઈ ઘણાં, સર્વે સેવક છે સ્વામીતણાં ।
રહે બુરાનપુરે એ જન, કરે સ્વામી શ્રીજીનું ભજન ॥૪૦॥
દ્વિજ ભક્ત બાપુભાઈ નામ, ભજી હરિ કર્યું નિજકામ ।
રાજ સાજ મેલી માલ ધન, થયો ભક્ત પુનામાં પાવન ॥૪૧॥
શેઠ ભક્ત એક સેવારામ, ભજે હરિ રહે ઉજેણ ગામ ।
દ્વિજ ભક્ત દિપો શંભુરામ, ઓંકાર રે વેલાખેડે ગામ ॥૪૨॥
દ્વિજ મયારામ ને ઓંકાર, ભક્ત આંજણો દુદો ઉદાર ।
એહ વસે ગામ મિણમાંઈ, ભજે સ્વામી જાણી સુખદાઈ ॥૪૩॥
ક્ષત્રિ ભક્ત છે સરદારસિંઘ, વસે માલિખેડીયે અનઘ ।
હવે હિન્દુસ્થાનનાં જે જન, કહું પવિત્ર ભક્ત પાવન ॥૪૪॥
ધર્મ રીત્યમાંહિ ઘણું ધીર, વાચકા છે સાચા શૂરવીર ।
એવા જનનાં લખશું નામ, જેને મળ્યા છે સુંદર શ્યામ ॥૪૫॥
ધન્ય ધન્ય ભક્ત ધુવામાંઈ, જેણે હરિશું કરી સગાઈ ।
પડી ટેવ પ્રકટ સેવવા, એહ જન તો લખવા જેવા ॥૪૬॥
ભક્ત લુવાર નામ મદારી, રામ બકશ ને ગિરધારી ।
ઠાકુરદાસ બિંદા હરદાસ, કુંઢેરામનિયે તજી ત્રાસ ॥૪૭॥
એહાદિ ભક્ત કહીએ લુવાર, દ્વિજ બુધ્ધજી ધુવા મોઝાર ।
બહુ ભક્ત છે બરાઈ ગામ, જેને મળ્યા છે સુંદર શ્યામ ॥૪૮॥
ભક્ત લુવાર સકટુ ભૈયા, ભક્ત રામફલ બે કશિયા ।
રહે ચ્યાર ત્યાં હરિદાસ થોલી, ચર્ણદાસ લોહરકા ને ભોલી ॥૪૯॥
માનસિંઘ મુલચંદ મોજી, મનછા દો મજલા ડુવોજી ।
મોતી મનસુખ લછમન, નેક સિયા પોસુ કુલમન ॥૫૦॥
લલુ નેનસુખ ને નથુઈ, ચાંદુ ચૌકરા અંગના સોઈ ।

પેજા આદિ છે ભગત ભાઈ, હવે કહું હરિજન બાઈ ॥૫૧॥
લાડુ વિરૂ વખતુ પિરાનું, મકુ મુલિ મથુરાં એ માનું ।
તેજુ સ્વરૂપી અલપુ ધરમા, ગઢુ આદિ બાઈયો લુવારમાં ॥૫૨॥
દ્વિજ ભક્ત છે પુરના નામ, દો લછમન ને દયારામ ।
શકટુ રઘુનાથ એ ભાઈ, ખીમા અંતકુ સુમિત્રાબાઈ ॥૫૩॥
ભક્ત તુલાધાર કિપાભાઈ, એહાદિ જન રહે બરાઈ ।
હરિજન હિંદુરાઓ કહીએ, દ્વિજભક્ત તે ભવાની લહીએ ॥૫૪॥
જાણી વાત સાચી નહિ ફેર, સમજી રહ્યા તે ગામ ગ્વાલેર ।
જાણ્યા અજાણ્યા જે રહ્યા જન, રહેજ્યો મુજ ઉપર પ્રસન્ન ॥૫૫॥

પૂર્વછાયો- ધન્ય ધન્ય એહ જનને, જેણે ભજ્યા શ્રીભગવાન ।
તન ધન મને નૈવ ગણ્યું, નૈવ ગણ્યું જગ અપમાન ॥૫૬॥
ત્રોડિ ત્રણે લોકશું, જેણે જોડી હરિશું પ્રીત ।
લઈ લાભ અલભ્યને, કરી ગયા જગમાં જીત ॥૫૭॥

ઇતિ શ્રીમદેકાન્તિકધર્મ પ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે નિમાડ તથા હિન્દુસ્થાન દેશનાં હરિજનનાં નામ કહ્યાં એ નામે એકસો ને છવિશમું પ્રકરણમ્ ॥૧૨૬॥